R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No. 1 April - 2014

## વળગણનું વિલોપન

માણસ મૃત્યુથી ડરે છે, પરંતુ મૃત્યુ ટાળી શકાતું નથી. તેથી એનો સ્વીકાર કરી લે છે. હવેનો આદમી મૃત્યુ કરતાંય વધારે લાચાર ઘડપણથી ડરે છે. મૃત્યુ માણસને બધી પીડાઓથી મુક્ત કરે છે. પરંતુ ઘડપણતો સાક્ષાત પીડાનું પાથરણું બની જાય છે. મૃત્યુ કરતાંય ક્યારેક ઘડપણ વધુ બિહામણું દીસે છે.

મૃત્યુ માણસના જીવનને 'ડિસમિસ' કરે તે પહેલા માણસે રાજીનામું આપીને વળગણોથી છૂટવું રહયું. ઘડપણના ઘણાંખરાં દુ:ખો વળગણમાથી જન્મે છે. નદીની માફક જીવન વહેતું જ રહે છે. નદીને ઓવારાની માયાને કારણે રોકાઈ રહેવાનું ન પાલવે. યાદ રહે કે શૈશવકાળના વર્ષો દરમ્યાન મા બાપ આગળ બાળક અસહાય હોય છે.

ઘડપણમાં સંતાનો આગળ મા બાપ લાચાર હોય છે. આમ લાચારીના વારા બંધાય છે. માણસનું ઘડપણ વાસ્તવમાં અંહવિસર્જનની કેળવણી આપતી શાળા છે બધા ભ્રમ ખરી પડે છે. બધા ઠઠારા ઝંખવાણા પડી જાય છે અને બધી હઠ ઢીલી પડી જાય છે. આવે વખતે જો અહંકાર પણ ખરી પડે તો સુગંધ પ્રસરી રહે છે. પ્રસન્ન અને મધુર વૃદ્ધાવસ્થાથી અધિક સુંદર બીજી કોઈ હોઈ શકે ?

જો શિક્ષણ દ્વારા મા બાપને પોતાના સંતાનોને જાળવવાની તાલીમ મળે તો કદાચ યોગ્ય ઉછેર પામેલા બાળકો મા બાપની પાછલી ઉમર જરૂર જાળવી લે એમ બને. ઘોડિયા ઘરની કચાશ ઘરડાઘર (વૃદ્ધાશ્રમ) સર્જે છે. બાળપણ અને ભોળપણ હળી મળી રહી શકે છે. પરંતુ ઘડપણ અને ડહાપણનું એવું નથી. ડહાપણ વગરના ઘડપણ જેવી બેડોળ ચીજ બીજી જડવી મુશ્કેલ છે. ડહાપણ અને ભોળપણ વચ્ચે મેળ પડી જાય તો કોઈ બાળક પ્રેમથી વંચિત ન રહે અને કોઈ વૃદ્ધ અવસાન પામે. દુનિયાની બધી સમસ્યાઓના મૂળમાં ભોળપણ અને ડહાપણ વચ્ચેના છુટાછેડા જવાબદાર છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોકસી) પુરસ્કૃત

## વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪મા ઉર્તીણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવાના છે.

જેમાં K.G. ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C., B.Com. B.Sc, BDC, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરિક્ષામા સારા માર્ક સાથે ઉર્તીણથનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષકોપી) પાછળ પુરુ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૧૦-૬-૨૦૧૪ સુધીમાં સંસ્થાની ઓફીસમાં આપી જવા વિનંતી.

ઈનામનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

મંત્રી : ભાવેશ બીપીન મોદી — સહમંત્રી : જસ્મીન શેઠ

- શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ યોજના
- શ્રીમતી તારાબેન કીર્તનાલ લલ્લુભાઈ દેસાઈ- - હોસ્પીટલ સહાય યોજના
- શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર
- ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી
- શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ) - ટ્રીટમેન્ટ ફોર કેટરેકટ ઓપરેશન
- શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિના અનુસંધાનમા ચાલુ વર્ષ (૨૦૧૪-૨૦૧૫) હોસ્પીટલ તથા સ્વાસ્થ્ય યોજનાનો સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ તા. ૨૫-૪-૨૦૧૪ ના રોજથી નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.

**સૌમિલ જીતેન્દ્ર મોદી :**

શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટઃ ૧૬, નારાયણ ધ્રુવ સ્ટીટ, ૨જે માળે,

બેગ મોહમદ સ્કુલની સામે, મુંબઈ - ૪૦૦૦૦૩, ટેન. ૨૩૪૦૦૫૦૨, સમય ૧૨ થી ૬

મંત્રી - ભાવેશ મોદી — સંયોજક - સૌમિલ મોદી (ઉપપ્રમુખ)

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૧ | ૨૧-૦૪-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# ભવન્સ કેમ્પસ જંગલ પ્લેનેટ

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

ભવન્સ નેચર એન્ડ એડવેન્ચર સેન્ટરના દરવાજે હું પહોંચ્યો ત્યારે લેબ્રાડોર, અલ્સેશિયન જેવી જાતિના ત્રણ શિકારી કૂતરા બે એકરમાં પથરાયેલ જંગલ પ્લેનેટની ચોકી કરતા હતા. છાપરાવાળા નાના મકાનની સાદી ઓફિસમાં હું અહીંના એડમિનિસ્ટ્રેટર શ્રી હિમાંશુ પ્રેમ જોશીને મળ્યો. હિમાંશુ જોશી એટલે મારો મિત્ર અને પ્રખ્યાત બાળવાર્તાકાર શ્રી જીવરામ જોશીના દોહિત્ર. છકો મકો, મિયા ફુસકી, તભા ભટ્ટ, વગેરે અનેક વાળવાર્તાઓ આપણને પ્રાપ્ત થઈ છે. દાદા પાસેથી બાળકો માટે કંઈક કરી છૂટવાના સંસ્કાર ગળથૂંથીમાંથી જ હિંમાશુ ને પ્રાપ્ત થયા.

હિમાંશુના ટેબલ પર લેપટોપ, કેટલોગ્સ્ ઉપરાંત સાપની કાંચળી, કાચબાનું હાડપિંજર, હરણનું શિંગડું, પક્ષીના પીંછા, વનસ્પતિના બીજ, અનેકવિધ આકાર, રંગના પત્થર રાખ્યા છે. ઓફિસમાં પતંગિયા, વાઘ, ગેંડો, વગેરેના સુંદર ચિત્ર છે. ખુરશીની પાછળની બારીમાંથી ઉડાઉડ કરતાં રંગબેરંગી પતંગિયા પોતાના બનાવેલ બાગની મુલાકાત લેતા નજરે પડે છે.

અમારી વચ્ચે વાતચીતનો દોર શરૂ થયો. અહીંનો મુખ્ય ઉદ્દેશ - To Protect Nature and Create awarness on maintaining ecological balance'. બે વર્ષ પહેલા જગ્યા પ્રાપ્ત થઈ. ઘણા વોલિન્ટિયર્સની મદદથી જગ્યાની સફાઈ થઈ, સુંદર પ્લેન લેન્ડ બનાવી.

કેટલાં પ્રકારનાં વૃક્ષો અહીં હયાત છે, તેનો સર્વે હાથ ધર્યો. એમાં ૬૦ થી ૬૫ જાતની વનસ્પતિ હતી. લિસ્ટ બનાવ્યું પછી પ્લાન્ટેશન શરૂ કર્યું બે એકરમાં અત્યારે ત્રણસો થી વધારે પ્રકારના વનસ્પતિ, વૃક્ષો છે.

અલગ અલગ ઉંમરના ગ્રુપના બાળકો પ્રમાણે અહીં શિબિરનું આયોજન થાય છે. શનિવાર, રવિવાર રાત્રિ રોકાણના ફેમિલિ કેમ્પ, સોશ્યલ ગ્રુપ, સ્ટુડન્સ, એડલ્ટ ગ્રુપ, કંપની કર્મચારીઓ વગેરે દરેક માટે કેમ્પસ અહીં યોજાય છે. ગ્રુપ માટે એસીવાળા પાકા મોટા રુમ્સ, પાસેના પરિસરમાં કિફાયતી ભાવે બમ્બૈયા વાનગી પીરસતી હોટલ ઉપ્લબ્ધ છે.

શિબિરમાં અનેક પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરાય છે. એડવેન્ચર સેક્શનમાં કમાન્ડો નેટ, બર્મા બ્રિજ, સ્પાઈડર નેટ, રોપ વૉક, હેન્ગીંગ ટાપર્સ, ફ્લાઈંગ ફોક્સ, ટનલ, રોક કલાઈમ્બીંગ, રેપલીંગ, આર્ચરી, જંગલ જીમ, રોપ લેડર મુખ્ય છે. સ્લાઈડ શૉ, ઓડિયો વિઝયુઅલમાં નેચર, લીવીંગ થીંગ્સ, ફૂડ ચેઈન, નેચરલ રિસોર્સીસ જેવા વિષયો આવરી લેવાય છે. રી-યુસ્ડ ક્રાફટ વર્કર્સશોપમાં બાળકોની ક્રિએટીવીટી ખીલી ઉઠે છે. બર્ડ-એનિમલ માટે નિરિક્ષણ, બચાવ, શિક્ષણ દ્વારા લગાવ. પ્રેમ જેવા ગુણ ખીલવવા. જંગલ પ્લેનેટના વૃક્ષો, વનસ્પતિ, છોડવા, ફૂલ, જીવજંતુ, પતંગિયા, પક્ષી ને જોવા સમજવા. બોટનીકલ ગાર્ડન કેવી રીતે બનાવાય, વેજીટેબલ પ્લાન્ટસ્, ફ્રુટ પ્લાન્ટસ્, ઔષધિય પ્લાન્ટસ ઓળખવા, ઘરમાં કેવી રીતે ઉગાડાય અને ઉછેરાય તેનુ જ્ઞાન અપાય છે. બાળકોને સાહસિક પ્રવૃતિ અને ભ્રમણ દ્વારા પ્રાકૃતિક અને સાંસ્કૃતિક જ્ઞાન મેળવતા કરવા, વધુ કરીને યુવાનોને પ્રકૃતિ, પૃથ્વી, પર્યાવરણ અને માનવજાતિને લાભદાયક હોય તેવા વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ (પ્રદુષણને અહીં સ્થાન નથી). યુવાનોમાં પોતાની શક્તિ, નેતૃત્વ અને આત્મવિશ્વાસનો વિકાસ. આપણા દેશ અને રાષ્ટ્રભક્તિ માટે સન્માન જાગ્રત કરવું. પોઝિટિવ એટીટયુડ, હાર્મની, સંગઠન જેવા ગુણોનો વિકાસ વગેરે આવરી લેવાય છે.

કેનેડા સ્થિત United Nations Decade on biodiversity સંસ્થા સાથે Aug - 2013માં પાર્ટનર થયા. આ સંસ્થાનો હેતુ વધારે પ્રકારની સજીવ વનસ્પતિ, વૃક્ષો, પ્રાણીઓ જાતિ પ્રજાતિને બચાવવા, જીવાડવા, સંરક્ષણ આપવું. UNDB ની આંતરાષ્ટ્રીય વેબસાઈટ પર ભવન્સ નેચર એન્ડ એડવેન્ચર સેન્ટરને સ્થાન મળ્યું. ૧૯૯૨માં મહારાષ્ટ્ર સરકારના પર્યાવરણ વિભાગ દ્વારા હિમાંશુને 'સન્માનપત્ર' મળ્યું છે.

હિમાંશુ મને સમગ્ર એકિટવીટીથી પરિચિત કરાવવા બે એકરના પ્લોટ પર લઈ આવ્યો. સૌ પ્રથમ રાજસ્થાની આદિવાસી બિશ્નોઈ જાતિના પૂતળા, ઘર જોઈને રોમાંચ થયો. જંગલમાં રહેતી આ આદિવાસી પ્રજા કુદરત અને વન્ય જીવો તરફ ખૂબ પ્રેમાળ હોય છે. ત્યાંના હોર્ડિંગ પર મૂકેલું ચિત્ર નવાઈ પમાડે તેવું હતું. પોતાના બાળક અને છૂટા પડી ગયેલા હરણના બચ્ચાને પોતાનું દૂધ પીવડાવતી આદિવાસી માતાનું ચિત્ર મમતા અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડનારું હતું. નાગાલેન્ડ, આફ્રિકા, સાઉથ આફ્રિકા વગેરેના આદિવાસીઓના પૂતળાં, 'ઝુલુ' વગેરે જાતિના પૂતળાના પહેરવેશ તથા જંગલી આભૂષણો ઊંડી સૂઝબૂઝના દર્શન કરાવે છે. બાળકો, યુવાનો માટે

રાઈફલ શૂટિંગ નો સ્પોટ છે. રાત્રી રોકાણ માટેના ટેન્ટ છે. એ દરમ્યાન યુવાનો ફાયર કેમ્પનો આનંદ લેતા લેતા ગીતો, મોનો એકટીંગની મઝા માણતાં હોય છે. આગળ કીડીઓના ત્રણ પ્રકારના દર, ઘર જોવાનો લ્હાવો મળ્યો. રંગબેરંગી લવબર્ડ, ગીનીપીગ, સસલાં, બતક, કાચબા, માછલી વગેરે ત્યાં છે. ઠેર ઠેર વિધ વિધ માસ્ક લગાડયા છે. લેન્ડ સ્કેપ કરીને સુંદર નિખાર આપ્યા છે તેના પર આસામ, કેરાલાની દુર્લભ વનસ્પતિઓ ઉગાડી છે. ઔષધિઓ, દવાના છોડવા રોપ્યા છે. કેન્સર, અસ્થમા, ટીબી વગેરેની બિમારી માટેની આ ઔષધિઓ છે. શાકભાજી, ફળફળાદિ વગેરે ક્યારીઓમાં ઉગાડ્યા છે. આ માટે વર્મી કમ્પોસ્ટીંગ પણ શિખવાડાય છે. કચરા, નકામી વસ્તુઓમાંથી પૂતળા બનાવતા શિખવાડાય છે. જંગલનું જ્ઞાન આપવા જંગલમાંજ કલાસરૂમ બનાવ્યો છે. ગોળાકારમાં ઝાડના થડની અસંખ્ય બેઠકો બનાવી છે. ૩૦ થી ૫૦ બાળકોના વર્ગને અહીં જંગલ જીવનનો કુદરતી અહેસાસ વર્ણન કરીને તેમજ પ્રાણી, પક્ષીઓ લાવીને સમજાવવામાં આવે છે. અવનવા ઘણા આકર્ષણો આમાં ઉમેરાતા જાય છે.

લગભગ ૧૫૦૦૦ સ્ટુડન્ટસ્ અહીંની મુલાકાત લઈ ગયા છે. સમય, સંખ્યા સાથેના બધાના પાકા રેકોર્ડ લેપટોપમાં ઉપલબ્ધ છે. મીઠીબાઈ, રુઈયા, ભવન્સના પોતાના ઉપરાંત ઘણી કોલેજના સ્ટુડન્ટસ્ અહીં મદદ કરવા પણ આવે છે. બિઝનેસ મનેજમેન્ટના સ્ટુડન્ટસ્ અહીં આવીને સફળતા મેળવવાના પાઠ શીખે છે. જેવા કે લિડરશીપ, કોન્ફીડન્સ, ટીમ સ્પિરીટ, પેશન્સ, કોન્સનટ્રેશન વગેરે. વણખેડાયેલી ભૂમિ પર પગ માંડવા યૌવન હંમેશા થનગનતું હોય છે.

જંગલ કેમ્પમાં ૧૫૦ થી વધારે વોલિન્ટયર્સ જોડાયેલા છે. શ્રમદાન, સમયદાન માટે ગૃહિણીઓ, રિટાયર્ડ લોકો, કોલેજ સ્ટુડન્ટસ્ વગેરે આવે છે. સંસ્થાને પૈસા નથી જોઈતા, તમારામાં 'ટેલેન્ટ' હોય તો અહીં આવો બાળકો યુવાનોને લાભ આપો. ઝાડ વાવવા હોય તો, બાગકામ કરવું હોય તો અહીં આવો. વિભક્ત કુટુંબના દાદા-દાદીઓ બાળકોને વાર્તા કહેવા અહી આવે છે. પોતાની આવડતનો ખજાનો લોકોમાં વહેંચે છે. અહીંના પશુ પક્ષી માટે ચારો, અનાજ, ગાજર વગેરે ડોનેટ કરી શકો છો. પ્રકૃતિ, પર્યાવરણને લગતા પુસ્તકો ડોનેટ કરો. અંધેરી (વેસ્ટ) ભવન્સ કેમ્પસમાં આવેલું જંગલ પ્લેનેટ વિવિધતાનો ભંડાર છે.

# વૉટ્સઅપ...

- નિખિલ પરીખ

હાય, હેલો, કેમ છો ? શું ચાલે છે ? કી હાલ ? કેફે હાલ ? કૈસે હો ? કસ હાય ? જુદી જુદી ભાષામાં એકબીજાને મળીને પુછાતાં શબ્દો છે. પણ હવે માણસો એકબીજાને મળે છે જ ક્યાં, આજે માણસો પોતાનામાં અને કામમાં એટલાં બધા બીઝી થઈ ગયા છે કે એને પોતાની જાતને મળવાનો પણ સમય નથી મળતો.

પહેલાના જમાનામાં, ગામમાં વડના ઝાડની આજુબાજુ ચોતરો બનાવાતો અને ગામના લોકો રાતે ચોતરે ભેગા થતાં અને સ્ત્રીઓને મળવાનું સ્થાન એટલે કુવો કે તળાવ કે નદી. આ બધા ભેગા થઈને ગામ આખાની પંચાત કરતા. ગામની કોઈ છોકરી ભાગી ગઈ થી માંડીને પશાભાઈની કુતરીએ સાત ગલુડીયાને જન્મ આપ્યો ત્યાં સુધીની બધી વાતો થતી. શહેરમાં ચાલીઓમાં આ કલચર સચવાયું ચોકમાં કે પછી પાનના ગલ્લાઓ પર લોકો મળતાં અને આ બધી ગામ પંચાતો થતી. આ પછી ફોન આવ્યા અને ચર્ચાઓ અને પંચાતોની રીત બદલાઈ. પહેલા ફીક્સ રેટમાં કેટલી પણ વાત કરી શકાતી, એટલે એક રૂપિયામાં સ્ત્રીઓની બપોર નીકળી જતી અને આખા ગામની વાતો ખબર પડી જતી. પણ આમાં એકબીજાને મળવાનું ઓછુ થવા લાગ્યું. આ પછી આવ્યા ટેલીવીઝન, રહ્યો સહ્યો વાર્તાલાપ પણ બંધ થવા લાગ્યો. ટેલીવીઝનને ઈડીયટ બોક્સ કહેનારા પોતેજ ઈડીયટની જેમ એની સામે ચીટકી જવા લાગ્યા. એમાં પાછું કોકને થયું કે દેશ દુનીયાની વાતો જાણીને શું ફાયદો. આપણી પંચાતોનું કંઈક કરવું પડશે એટલે શરૂ થયો સાસુ વહુની સીરીયલોનો દોર. ક્યાંય જોવા ન મળે એવા કાવાદાવા, પંચાતો, દાગીના કપડાનો ઠઠારો જોઈને સ્ત્રી પુરુષો એવા ખોવાઈ ગયા કે ઘરમાં પણ વાર્તાલાપ બંધ થઈ ગયો. કેટલાંક શાણા લોકોને આનો ખ્યાલ આવ્યો કે આ તો સંબંધો તુટતા જાય છે. મિત્રો છુટતા જાય છે. વાતો ખુટતી જાય છે ત્યાં કોઈને પણ કોઈ પણ સમયે કોઈ પણ સ્થળે પકડીને વાતો કરવાનો આવ્યો મોબાઈલ. 'ક્યાં છે તું ? શું કરે છે થી શરૂ કરીને ચાલ મળીએ' સુધી વાર્તાલાપ ફરી શરૂ થયો. વાતો કરવી મોંઘી પડે તો SMS અને Text દોર શરૂ થયો. BBM થી તો જાણે દુનિયાજ બદલાઈ ગઈ. 'મીસ કોલ' મારવાની શરૂઆત પણ દુનિયામાં આપણે ત્યાંજ થઈ.

પછી આવ્યો ફેસબુકનો જમાનો. લોકોએ પોતાની જીંદગીની કિતાબ દુનિયા સામે ખુલ્લી મુકી દીધી. પોતાના મનમાં ઉગતી વાતો ખુશી કે ગમના પ્રસંગો એના ફોટાઓ પોતાને ગમતી વાતો શોખ, ભણતર વગેરે અનેક વાતો એની ઉપર છુટ્ટી મુકાઈ અને વર્ષોથી છુટા પડેલા, ખોવાઈ ગયેલાં લોકો ફરી પાછા મળવા લાગ્યાં, એક બીજાને શોધવા લાગ્યા. લાઈક કે કમેન્ટ દ્વારા સામેવાળાના ફોટાઓ અને વાતોને પ્રતિસાદ આપતા થયાં. સ્કુલ પછી પોતપોતાની દુનિયામાં ખોવાઈ ગયેલા મિત્રો ફરી પાછા મળતાં થયા. રીયુનીયન સહેલું બની ગયું. જુના ફોટાઓ શેર થવા લાગ્યાં જુની યાદો તાજી થવા લાગી અને વાર્તાલાપ પાછો શરૂ થયો. જોકે વાર્તાલાપ કરતાં લેખાલાપ વધુ યોગ્ય શબ્દ કહેવાય. આ ફેસબુકની પણ એક લીમીટેશન હતી. કમ્પ્યુટર ઉપર બેસવું પડે, સમય કાઢવો પડે આ માટે એક નવતર સાઈટ આવી. કેમ છો ? અને કસ હાય ઉપરથી અંગ્રેજીમાં What's up ? ફેસબુક કરતાં સહેલું અને હાથવગુ સાધન લોકોને મળી ગયું. વાર્તાલાપનો દોર નવા રૂપમાં સજીવન થયો. સવારના ગુડમોર્નિંગ અને જે જે શ્રી ગોકુલેશથી શરૂ થઈને રાતે ગુડનાઈટ સુધીનો વાર્તાલાપ થવા લાગ્યો. દુર રહેતાં કુટુંબીજનો

અને મિત્રો સતત એકબીજાના સંપર્કમાં રહેવા લાગ્યા. ગમતાં ફોટાઓ, ગમતી વાતો, ગમતી શાયરીઓ, કવિતાઓ એકબીજાને મોકલવા લાગ્યા. આમા પાછી ગ્રુપની સગવડ ઉમેરાઈ એટલે 'વન ટુ વન' થી 'વન ટુ મેની' સાથે વાર્તાલાપ શરૂ થઈ ગયો. મઝાક, કોમેન્ટ, ટીકા, વખાણ વહેતાં થયા. આ ગ્રુપો શરૂ કરવા માટે એડમીન હોય જે ગ્રુપ બનાવે અને ધીરે ધીરે એ ગ્રુપમાં એડ કરે. કોને એડ કરવા ને કોને નહી એ એડમીન ના હાથમાં. હમણા વાત આવેલી કે એકભાઈએ લગ્નના ઈન્ટરવ્યુમાં કહયું કે હું છ જગ્યાએ એડમીનીસ્ટેટર છું, પછી ખબર પડી કે વોટસઅપના છ ગ્રુપમાં એ ભાઈ એડમીન હતા.

દરેક ગ્રુપમાં એકાદ બે વ્યક્તિઓ અતિઉત્સાહી હોય છે અને આ ગ્રુપો એમનાથી જ ચાલતાં હોય છે. આ વ્યક્તિઓ સવારે ઉઠતાંનીસાથે પોતાની હાજરી ગુડમોર્નિંગથી, ભગવાનના ફોટાઓથી, કુદરતી દ્દશ્યોથી પુરાવી દેતાં હોય છે. પાછું. કોક વાર આ બધુ અપલોડ કરતાં મોડું થાય ને કોકનો ફોન આવે કે શું થયું આજે તબિયત સારી છે ને ? વોટઅસપ પર દેખાયા નહી એટલે ફોન કર્યો. ઘણાને ચેતવણી મોકલવાનો બહુ શોખ હોય. ફલાણું ના ખાતા, આનાથી આ નુકસાન થાય ને જોવાથી શરીરમાં ભેળુ નુકશાન થાય. મને લાગે છે હવે બાપુઓને ગુરુઓ પણ વોટઅસપ થી ગભરાવા લાગ્યા છે. વોટઅસપ ઉપર એટલું બધું જ્ઞાન અને સુવાક્યો ફેલાવા લાગ્યા છે કે લાગે હવે આપણને બાપુઓની જરૂર નહી જ પડે. સારા સારા વાક્યો ફેમસ વ્યક્તિઓના નામે મુકી દેવાય છે. કદાચ શેક્સપીયર કે ડો. કલામને પણ નહી ખબર હોય એમણે કેવી કેવી સારી વાતો કરી છે. ઘણા લોકોને મેસેજની ચેઈન દરશાવાનો શોખ હોય અનેક જણને ફોરવર્ડ કરો તો આમ થશે ને ફલાણો લાભ થશે. મનોકામના પુરી થશે. ઘણા બિચારા આમાં અટવાઈને પરિણામોની રાહ જોતાં બેઠા છે. આપણા ગુજરાતી નાટકોને વોટઅસપથી બહુ ફાયદો થઈ ગયો છે. અડધું નાટક તો વોટઅસપના જોડ થી જ લખાય છે અને જે વડીલો વોટઅસપ ઉપર નથી એ લોકો ખુરશીમાં ઉછળી ઉછળીને હસે છે. એડલ્સ જોક્સ અને વીડીયો મિત્રવર્તુળો પુરતાં સિમિત છે. એ સારું છે. બાકી ફેમીલી ગ્રુપમાં પણ કોક વાર કોક સળી કરતાં હોય છે. ઘણાં લોકો વારંવાર Status બદલ્યા કરતાં હોય છે. To Goa, in party વગેરે. એક ડાહ્યા ભાઈએ Off To Malesia લખ્યું એમાં ચોરો એમની ઘરે કળા કરી ગયા. વોટસઅપ વાળાઓએ એને યુસર્સ ફ્રેન્ડલી બનાવવા સ્માઈલની સગવડ કરી છે. થોડું હસવું આવે તો એક હસતો ચહેરો વધારે આવે તો બે કે ત્રણ. કેટલાંક લોકો તો એટલું હસતાં હશે કે દસબાર સ્માઈલી મુકી દે. સારા મેસેજ કે કવિતા મુકીએ તો મળે શું તો કે ઠેંગો. વધુ સારું હોય તો બે ચાર ઠેંગો. તાળીઓ, નમસ્કાર, પ્રેમ એવા દરેક પ્રકારના સ્માઈલી છે તમારા મુડને શબ્દોની જરૂર જ ના પડે. શોર્ટ મેસેજની પણ નવી ભાષા છે. 'હું તમારી સાથે પછીથી વાત કરીશ'. આટલું લાંબુ કહેવા ફક્ત TTYL લખવાનું Talk to you later. જય શ્રી કૃષ્ણનું JSK અને જે જે શ્રી ગોકુલેશનું JJSG. ભવિષ્યમાં આની ડીક્શનરી બહાર પડે તો નવાઈ નથી. ઘણી નવી નવી પઝલો બનાવે ને ચેલેન્જ આપે અને બધાને કામે લગાડી દે. ઘણા એટલા લાંબા મેસેજ મોકલે કે સ્ટોરી બુક વાંચતા હોય એવું લાગે. જે પણ હોય તે પરંતુ ઈન્તજારી હંમેશા રહે છે. નવા મેસેજ વાંચવાની. બર્થ ડે ઉપર પહેલાં કદી ન આવતા એટલા બધા મેસેજ આવે છે. પરંતુ ફોન ઉપર પર્સનલી વિશ કરવાની પ્રથા બંધ થઈ ગઈ એનું દુઃખ છે. હવે તો ફૂલોનો બુકે અને કેક પણ વોટસઅપ ઉપર જ આવે છે, અને એની ઉપરજ કપાય છે. મિત્રો ભેગા થઈને રાતે કેક લઈને આવતાં એ પ્રથા કદાચ બંધ થઈ જશે. દેશ વિદેશથી વિશીશ આવે છે

પણ પોતાના, નજીકના લોકો મળતાં બંધ થઈ ગયા એનું દુઃખ છે. પત્ની પાસે ચા માંગવી હોય તો વોટસઅપ ઉપર મેસેજ મુકીએ તો જલ્દી આવે છે. દીકરાઓ બીજી રૂમમાં ભણતા હોય કે ટીવી જોતા હોય તો બોલાવવા માટે વોટસઅપ મેસેજ વધુ અસરકારક બને છે. આખો દિવસ મેસેજના ટીન ટીન થી કંટાળો આવે છે અને ન જોઈએ તો અગત્યના મેસેજ છુટી જાય છે અને સાંજ સુધીમાં સો દોઢસો મેસેજ ભેગા થઈ જાય છે. લોકો રસ્તામાં ચાલતાં ચાલતાં પણ મેસેજ વાંચે છે ને ટાઈપ કરે છે. ડોકના દુઃખાવા સાથે એકસીડન્ટના ચાન્સીસ પણ વધી જાય છે. લોકો અમથા અમથા અથડાઈ જાય છે કે ઠેસ વાગીને પડી જાય છે. સ્માર્ટ ફોન ન હોય ને વોટસઅપ ઉપરના હોય એવા લોકોને ક્યારેક મેણા ટોણાં સાંભળવાનો વારો આવે છે અને કંજુસનું બિરુદ પણ મળી જાય છે. અજાણ્યા લોકો પણ આપણા વોટસઅપ ઉપર લંગર નાખીને ઘુસવાનો પ્રયત્ન કરે છે. બાજુબાજુમાં બેઠેલા પતિ કે પત્ની ક્યારેક એકબીજાથી જોજનો દુર બીજા મિત્ર સાથે હોય છે. વાતો કરતાં હોઈએ પણ ધ્યાન મેસેજ ઉપર હોય છે. કોફી શોપમાં કે રેસ્ટોરન્ટમાં બેસીને પોત પોતાના મોબાઈલમાં ખોવાયેલા કેટલાંયે કપલને કે છોકરા છોકરીઓને મેં જોયા છે. સવારે ઉઠીને તરત 'કરાગ્રે વસતે લક્ષ્મી' જેવા શ્લોક સાથે હથેળીમાં દર્શન કરતાં લોકો હવે તરત મોબાઈલમાં મેસેજ અને ભગવાનના ફોટા જોવા તત્પર હોય છે.

આની દુર દુર વસતાં લોકોને નજીક લાવનાર વોટઅસપે આજે સાથે રહેનારા કુટુંબીજનોને, બાળકોને પતિ પત્નીને એક બીજાથી દુર કરી દીધા છે. કદાચ ભવિષ્યમાં લગ્નના સાત વચનો સાથે આઠમું વચન ઉમેરાશે 'અમે બન્ને પતિ પત્ની એકબીજાને વચન આપીએ છીએ કે સવારે ઉઠીને મોબાઈલ કે કમ્પ્યુટરને બદલે સૌ પ્રથમ એકબીજાનું મોઢું જોઈશું, એકબીજાને વોટસઅપ ઉપર નહી પણ પરસ્નલી ગુડમોર્નીંગ કે ગુડનાઈટ વિશ કરીશું. દિવસ દરમ્યાન વોટસઅપ કે ફેસબુક કરતાં થોડોક વધુ સમય એક બીજાને આપીશું''. તથાસ્તુ.

મિત્રો કોઈ પણ વસ્તુનો અતિરેક હંમેશા ખરાબ પરિણામ લાવે છે. છેલ્લા કેટલાંક વખતથી જોઈ શકાય છે કે ધીરે ધીરે વોટસઅપના મેસેજીસ ઓછા થતાં જાય છે. ક્યાંતો રીપીટ થતાં જાય છે. મૌલીકતા ઓછી ને ફોરવર્ડ વધતાં જાય છે. મેસેજીસ કે ફોટાઓ જોયા કે વાંચ્યા વગરજ જોવાઈ જવા લાગ્યા છે. આ સારી એપનો યોગ્ય ઉપયોગ થાય તો લાંબો સમય વાર્તાલાપનું આ સાધન ટકી રહેશે બાકી કંઈક નવું આવવાની રાહ જોવી પડશે.

છેલ્લે એક સારા મેસેજ સાથે વિરમું છું.

ભૂખ્યા રહેવાના ઉપવાસ તો ઘણા કરે છે ક્યારેક એક દિવસ મોબાઈલ, ફેસબુક, ઈન્ટરનેટ, વીજળી, ટીવી, વેહીકલ અને વોટસઅપ વગર રહીને જુઓ ભગવાન ખુદ ધરતી પર આવીને રહેશે.

'બસ કર પગલે અબ રૂલાયેગા કયા ?

❖❖❖❖

## શ્રી બાલાસિનોર મિત્ર મંડળ - મલાડ

દર વર્ષ મુજબ ચાલુ વર્ષે મલાડમાં વસતા બાલાસિનોરવાસીઓ માટે રાહત દરે નોટબુકનું વિતરણ નીચે જણાવેલ સ્થળે તા. ૨૫-૫-૨૦૧૪ના રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાકે રાખવામાં આવેલ છે.

**સ્થળ :** મોદી રાજેન્દ્રભાઈ ચીમનલાલ
ખેતાન એસ્ટેટ, ૨જે માળે, ૫૨ રામચંદ્રલેન, મલાડ વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૬૪

# 'સ્વભાવ'

- શૈલેષ કી દેસાઈ (ભારતકોર્પો.)

માણસ પરિવર્તન પ્રેમી છે એ દર બે વર્ષે મોબાઈ બદલે છે, બે-ત્રણ વર્ષે ચસ્મા બદલે છે, ચાર-પાંચ વર્ષે ગાડી બદલે છે. બુટ-ચંપલ ને કપડાં બદલે છે પણ અફસોસ બધુ બદલનારો માણસ પોતાનો સ્વભાવ બદલતો નથી તેમજ વર્તન બદલતો નથી. સ્વભાવ પરિવર્તનથી ઘરમાં સ્વર્ગ આવશે તે ચોક્કસ છે. માણસની ઓળખ-પહેચાન તે તેનો સ્વભાવ છે, સ્વભાવ જ માણસને અમર બનાવે છે ને સ્વભાવજ માણસને સમાજથી અલગ કરી દે છે.

વેદ-પુરાણ-વ્યાકરણ-ગણિત-નૃત્ય-જ્યોતિષી-સ્વપ્ન-રસાયણ-સંગીત એ દરેક શાસ્ત્ર ભાષા છે, જ્ઞાન છે, જે વાણી કે લેખન દ્વારા પ્રગટ થાય છે. જ્ઞાન તથા વિચારોનો વિનિમય કરવા માટેનું માધ્યમ એટલે ભાષા સ્વભાવજો પ્રગટ કરવા માટે વાણી જરૂરી માધ્યમ છે માટે જ ભાષાથી વિશેષ વાણી છે. વિશ્વ રચનારે માનવ શરીરમાંજ વાણીની વ્યવસ્થા ન કરી હોત તો ભાષાનું મહત્વ ન હોત.

સ્વભાવ = વાણી + વર્તન

જગતમાં અનેક જીવો છે પણ મનુષ્ય એક જ છે જેને વાણીની વ્યવસ્થા કરતાં ભાષાનું મહત્વ છે, પ્રાણી કે પક્ષીમાં વાણીની વ્યવસ્થા નથી તે ફક્ત પોતાનો જ અવાજ કાઢી શકે છે. બીજા કોઈનો અવાજ કાઢી શકતા નથી.

સ્વભાવ ત્રણ પ્રકારના હોય છે. સાત્વીક, રાજસ અને તામસ સ્વભાવ પ્રમાણે વાણી ઉચ્ચાર કરે છે. ધ્યાનથી ચિત્ત કાર્યરત રહે છે. ચિત્તમાં સંકલ્પ ઉત્પન્ન થાય છે. જે મનને આદેશ આપે છે બુદ્ધિ નિર્ણય કરી વાણીને સર્જે છે. બુદ્ધિ વાણીને સુસ્કૃત બનવા મોકલે છે.

ધ્યાનથી - ચિત્ત - સંકલ્પ-મન-બુદ્ધિ-વાણી જે ઉચ્ચારે છે તેનો તે સ્વભાવ કહેવાય છે. માનવ શરીરમાં વાણી ચાર પ્રકારે હોય છે. પરાવાણી જે સ્મરણ રૂપે છે, પશ્યાંન્તવાણી જે શરીરમાં પ્રેરણા રૂપે છે, મધ્યમાવાણી જે વિચાર રૂપે છે અને વૈ...... વાણી જે શબ્દરૂપે વિદ્યમાન છે એટલે કે જે આપણે બોલીયે છીયે.

પ્રજ્ઞાન એટલે પ્રકૃતિથી મળેલ જ્ઞાન જે માનવ શરૂરમાં પરાવાણી પ્રગટ કરે છે. આ પ્રજ્ઞાન આત્માના સંબંધમાં સ્ફૂરે તો આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન અને ત્રિકાળજ્ઞાન જેવા અલૌકિક જ્ઞાન તરફ મનુષ્ય ગતિ કરે છે. સ્મરણ પ્રજ્ઞાનનો પાયો છે. સ્મરણથી પ્રજ્ઞાન સ્પષ્ટ થાય છે. ધ્યાન અને એકાગ્રતાથી ચિત્ત બળ પ્રાપ્ત કરે છે. માનવ શરીરમાં દરેક કીયા કરનાર આત્મા છે. આત્માનો કાર્યભાર સ્મરણ-પ્રજ્ઞાન-જ્ઞાન-ધ્યાન-ચિત્ત અને સંકલ્પ વિચાર થકી મન-બુદ્ધિને સોપે છે. નારદમુનીના લેલૂરામાથી, કૃષ્ણભગવાનની વાંસણીમાંથી, શંખના ધ્વનિથી અને શંકર ભગવાનના ડમરૂમાંથી નાદ સતત વાયુ મંડળમાં ભળતા આર્તનાદ શિવસૂત્ર ઉત્પન્ન થાય છે જેનો અનુભવ ફક્ત યોગીઓ-સંતો-મહાત્માઓ અને બ્રહ્મજ્ઞાની કરે છે. શબ્દોચાર નાભિ-કંઠ-હૃદય-મો-જીભ-દાંત-હોઠ અને નાકની મદદથી થાય છે પણ આબધુ પ્રાણશક્તિ જ કામ કરે છે. પૂર્વ જન્મમાં માનતા હોતો સ્વભાવ અનેક જન્મોના સંસ્કાર, માબાપનો ઉછેર, ચિત્ર સર્કળ, શાળા, કોલેજનું વાતાવરણને શિક્ષણ જેવા અનેક બ્રાહ્મ વાતાવરણમાંથી ઘડાતો રહે છે. જેનું કદી પૂર્ણપણુ નક્કી થતું નથી. રહેણી કરણી જેવી પણ અનેક બાબતો પર આધાર રાખે છે. આખી જીંદગી આપણે સંજોગો અને આજુબાજુમાં સંપર્ક-ટચમાં આવતા લોકોને મેનેજ-એડજસ્ટ કરતાં રહીએ છીએ. આ કરવા આપણે આપણા સ્વભાવને જ એડજસ્ટ-મેનેજ કરવાનો હોય છે. સ્વભાવ એ જાત પર નિયંત્રણ, વિવેકશીલતા, અનુકુલક્ષમતા, સ્વતંત્ર પજ્ઞા અને વિશ્વનીયંતાના સરવાળાનું પરિણામ છે. ગીતામાં કૃષ્ણ ભગવાને સારા વર્તન માટે જરૂરી બાબતોમાં

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત

COMPUTER COURSE

# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ Software Academy (પ્રાર્થના સમાજ)/ M/S. Raj Software Techonology (India) LTD. (**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E)), સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે.

આ યોજના માટે સંસ્થામાં / સંયોજક પાસે ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

વધારે માહિતી માટે સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆનો સંપર્ક કરવો.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# બાલાસિનોર પ્રગતિ સમાજ પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ ૧૦મો સેમીનાર

ઉપરોક્ત સમિતિના નેજા હેઠળ આગામી કાર્યક્રમ નીચે મુજબ છે.

**રવિવાર :** ૧૮-૫-૧૪ સવારે ૧૦.૦૦ કલાકે, **સ્થળ :** હોટલ કાર્લ રેસીડેન્સી, લલ્લુભાઈ પાર્ક અંધેરી (વેસ્ટ)

**મુખ્ય વક્તા :** સંજયભાઈ જયંતીલાલ ગાંધી અને રાજીવભાઈ જંયતીલાલ ગાંધી

**Sponsor :** શ્રી જયેશભાઈ રજનીકાંત શાહ (નગરશેઠ), **વિષય :** A JOURNEY OF SUCCESS
(How to step out from Trading to Manufactering or Exports).

પાસ મેળવવાના સ્થળ (૨૮-૪-૧૪ થી ૧૫-૫-૧૪) દરમ્યાન

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજઃ ૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
૨) મે. કડકીયા એન્ટપ્રાઈસઃ ૬૮/૭૦ નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૩
૩) શ્રેયાંશ હીરાલાલ પરીખ (ડાબલી): રવિવાર ૪/૫ અને ૧૧/૫ સવારે ૧૦ થી ૧૨.૩૦ વચ્ચે A24, કૈલાષ નગર, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭

**રૂા. ૨૫૦ (અંકે રૂપિયા બસો પચાસ પુરા) ભરીને**
**જમવાના પાસ ઉપરોક્ત સ્થળેથી મેળવી આ પ્રોગ્રામને સફળ બનાવશો.**

**મંત્રીઓ - રાજેન્દ્ર દેસાઈ - પરેશ પરીખ** **સંયોજક - વ્રજેશ દેસાઈ**

પવિત્રતા સરળતા, ઈન્દ્રયોપર નિયંત્રણ અને અહિંસાનો સમાવેશ કર્યો છે. પવિત્રતાને ફક્ત ધર્મ સાથે જ સંબંધ નથી વર્ષમાં એકવાર મિચ્છામિ દુકડમ કહેવાથી પવિત્ર થવાતું નથી. પણ જે નકરવા જેવું કાર્ય ભૂલથી કર્યું અને પછી ફરીથી તે કદાપી ન કરવું તેનું નામ પવિત્રતા, ન બોલવાજેવું ન બોલવું, નવિચારવા જેવું ન વિચારવું એનું નામ છે પવિત્રતા. દરેક માણસ એની ઉંમરનું, એનું જ્ઞાન, એનું કાર્ય એની સમુદ્ધિય એની જાતનો વિચાર કર્યા વિના તેની ઈજ્જત કરવાનું નામ છે પવિત્રતા.

સરળ સ્વભાવના માણસને સૌકોઈ સ્વીકારે છે. એની પારદર્શકતાની કદર થતી રહે છે. સરળ સ્વભાવના માણસો પોતાની ખામીઓ છુપાવવા, જુઠુ બોલવામાં કે કોઈને લપેટમાં લેવામાં પોતાની શક્તિ ખર્ચતો નથી તે કારણે માનસિક રૂપે તે સ્વસ્થને તંદુરસ્ત રહે છે. સરળ સ્વભાવના માણસને સત્કાર, માન, સનમાન, વખાણ કે વાહ વાહ મળે છે. સારા વિચારો-વાણી વર્તન કરનારને ને વહેલુ મોડું સમાજમાં માન સનમાન મળે છે તેનો સૌ સ્વિકાર કરે છે. તેનું મિત્ર સર્કલ બહોળું થતું જાય છે. તે ઉટલું ખરાબ વિચારોથી ભરાયેલા મનવાળાને મનથી જ પીડા અનુભવવી પડે છે. માટે જ કૃષ્ણની સોનેરી સલાહ છે કે સારા વિચારો, સારી વાણી ને સારુ વર્તન કરતા રહો. બોલવામાં એસ્પર્ટની કદર દુનિયાભરમાં થાય છે. એની વાણી સૌ કોઈ સાંભળે છે અને સ્વીકારે છે.

વર્તનની જનેતા માન્યતા છે જેવી માન્યતા તેવી લાગણી. જેવી લાગણી તેવું વર્તન. આજ કારણથી સારો સ્વભાવ, સારા વિચારો, સારી વાણી અને સારા વર્તનથી જ પ્રગટ થાય છે. આવા માણસો ગુરુ અને સમાજના સૌ સભ્યના આદરભાવ કેળવે છે. તેજ સારા વર્તન અને સારા સ્વભાવનો પુરાવો છે.

સ્વભાવ ક્યારે સુધરે છે !

સર્વ પ્રથમ તો પોતાને જ અફસોસ થવો જોઈયે કે મારા સ્વભાવમાં મારી વાણીમાં કે મારા વર્તનમાં ક્યાં ખામી છે તે ભૂલનો મનથી એકરાર તેનો પ્રાયશ્ચિત જ પરિવર્તન લાવે છે, સ્વભાવમાં નમ્રતા લાવે છે. માણસે સ્વભાવ સુધારવા પોતાને જ થવું જોઈએ કે શું ખામી છે, શું કમી છે? સરળ સ્વભાવના માણસ સાથે પોતે સરખામણી કરી શકે છે ને ખોટ પોતે જ કાઢી પોતેજ તે ખોટ પુરવાની હોય છે તે માટે અફસોસ સાથે સ્વભાવને કેળવવાનો હોય છે. અતિ ઉગ્ર સ્વભાવ શાંત થયા પછી પોતે જ ઉગ્રતાનું વિશ્લેષણ કરી સામાને સ્વીકારતા શીખવું જાતે જ પડે છે. ધીમે ધીમે આદતસી થઈ જાય છે. શાંત સ્વભાવનુ પરિણામ સ્વાસ્થય પર પણ પડે છે. સ્વભાવની ઉગ્રતા વારંવાર થવાથી હૃદયના ધબકાર, લોહીનું ભ્રમણ વધુ થવા દોડે છે છેવટે સ્વાસ્થય જ બગડે છે.

‘ફાવશે, ચાલશે ને ગમશે સમજી સ્વભાવને સુધારીએ, સારા વિચાર, વાણી અને વર્તન થકી પરિવર્તન જીવનમાં લાવીએ.

માંગ્યું બધુ મળતું નથી સમજી સંતોષી જીવન જીવીયે.

સ્વભાવ સુધારવા આંતરિક વૃતિઓજ અશાંતિનું કારણ છે અને વૃતિઓને કારણે જ સંસારમાં સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. કરેલા ભૂલનો મનથી પ્રાયાશ્ચિત થતાં ધ ગ્રેટ અશોક અનેકોના સંહાર કર્યા બાદ મહાન થઈ ગયા. રાષ્ટ્રધ્વજમાં તેનું સ્થાન ચક્ર દ્વારા છે. ગાંધીજીએ પણ ચોરી જેવી અનેક ભૂલો કર્યા બાદ જ મહાત્મા થઈ ગયા. એકવાર મહાવિર ભગવાનની શરણમાં આવનાર અર્જુનમુનિ પણ સંત બની જાય છે, ખૂનખાર, ક્રોધી ઈંટનો જવાબ પથ્થરથી આપવાવાળો પણ પ્રેમ અર્પણ કરનારો બની જાય છે. લૂંટારો અંગુલીમાલ એકવાર બુદ્ધ ભગવાનના શરણમાં આવે છે ને તે સંન્યાસી બની જાય છે. ભયંકર કક્ષાની હત્યા કરનાર રાજા પરદેશી કેશી, સ્વામીના શરણમાં આવે છે ને પછી અહીંસક અને

શાંત બની જાય છે. પોતાના જ્ઞાન અને સમુદ્ધિ સ્ટેટસના અભિમાની ઈન્દ્રમૂતિ બ્રાહ્મણ ગૌતમ ભગવાનની શરણમાં આવે છે પછી એક દમ દીન-હીન-શૂન્ય ને સામાન્ય માનવી બની જાય છે. વાલ્મીકી લૂંટારો પણ લૂંટારામાંથી સંત બની જાય છે.

સ્વભાવનો મેળ વ્યવસાય સાથે થાય તો વ્યવસાયમાં સફળતા મળે. આપણે જે વ્યવસાય કરવો કે નોકરી કરવા માંગીયે છીએ તેના માટે ભણતર સિવાય બીજા ઘણાં ગુણો વિકસાવવા પડે છે. આપણા સ્વભાવને આપણા વ્યક્તિત્વને અને આપણી આદતોને વ્યવસાય સાથે સુસંગત કરવી જ રહી. સ્વભાવને કારણે જ લગ્ન જીવનમાં ભંગાણ પડે છે ત્યારે જીવવાની મજા બગડી જાય છે.

માર્કેટીંગ મેનેજમેન્ટની ડીગ્રી ધરાતી વ્યક્તીનો જો અતડો સ્વભાવ હોય કે ખૂબ જ આંતમુખી હોય તો શક્ય છે કે માર્કેટીંગ કરવામાં તેને તનાવનો અનુભવ થાય છે. તેજ પ્રમાણે આખાબોલી અને ઉગ્ર સ્વભાવ ધરાવતી વ્યક્તિ પણ ગ્રાહકો સાથે સંબંધ બગાડે છે. જીવનમાં દરેક સાથે મિત્રતાભર્યો સ્વભાવ, વાતચીતની કુશળતા અને ધીરજથી સાંભળવાની શક્તિ, વ્યવસાય તો ઠીક, પણ જીવનમાં દરેક ક્ષેત્રમાં સફળતા અપાવે છે.

જીવનમાં એકાદ મોટી ઠોકર ખાધા પછી પણ ઘણાના જીવનમાં સ્વભાવમાં પરિવર્તન આવે છે. જેવી કે ધંધામાં મોટી ખોટ, પુત્રીના સમયસર લગ્ન ન થતાં, છોકરી પરત ઘેર આવતા અનેક સંઘર્ષો પછી પણ સફળતા ન મળતા સ્વભાવમાં પરિવર્તન આવે છે. અહંકારરહિતા આવે છે, ઉચ્ચનીચનો ભેદ માણસને ઓગળી જાય છે.

શ્રેષ્ઠ વ્યક્તિનો શરણ સ્વીકાર્યા બાદ કે સંત, ગુરુ આધ્યાત્મિક વાંચન, શ્રવણ, મનન ને ચિંતન બાદ પ્રાયશ્ચિતથી પોતાનું સર્વસ્વ અર્પણ કરી સામાન્ય સરળ બની જવાય છે. વાંચન, સત્સંગ કે પ્રવચનોના શ્રવણથી સમજકેળવી તેને હૃદયથી આરપાર ઉતારીને પછી હૃદય પરિવર્તન-સ્વભાવ પરિવર્તન થઈ શકે છે. તે પછી શાશ્વત સુખ અને પરમશાંતિને પામી શકાય છે. મનથી વૃતિનું સર્મપણ ને શ્રેષ્ઠ વાંચન-શ્રેષ્ઠ સંતના સ્વીકાર થી આંતરિક વૃત્તિનું પરિવર્તન આણી શકાય છે. ઘણીવાર પરિવર્તન ક્ષણિક હોય છે. જેને સ્મશાન વૈરાગ્ય કહેવાય છે. પણ ભગવાનના શુભ વાઈબ્રશનથી કે સતત સાનિધ્ય મહાપુરુષના થવાથી કે તેના સાનિધ્યમાં રહેવાથી મનનું મૃત્યુ થઈ શિષત્વનો ઉદય થાય છે. ત્યારે જ સાધકપણાની અનુભુતિ થાય છે ત્યારે જ હૃદયના કુભાવો ગળાઈને શુદ્ધ થવા પામે છે. ગેસ ચાલુ હોય ત્યારે ત્રણ લીટર દૂધ, દશ લીટર ઉભરાથી ભાસે છે. પણ ઉભરો સમીજાય પછી તેની અસલતા દેખાય છે. સ્વભાવ પરિવર્તન આવુ ઉભરા જેવુ ન હોવુ જોઈએ. મોરારીબાપુની કથા સાંભળ્યા પછી બે ત્રણ મહીના મન-મગજ પર તેના વિચારો વાણી અસર કરી જાય છે. પણ પછી સ્વભાવમાં અસલતા આવી જાય તેવું ન બનવું જોઈએ. જેને Consistency કહેવાય છે. કપડું પલડે એ મહત્વનું નથી મેલ છૂટે તે મહત્વનો છે. ધર્મ કરવો એ મહત્વનો નથી પણ સ્વભાવમાં રહેલા દોષો દૂર થવા મહત્વના છે. શ્રવણ કરવાથી માત્ર સંભળાય છે. જ્યારે શરણે જઈ હૃદયથી સ્વીકારાય ત્યારે ખરું. પરમાત્માની વાણી માત્ર શ્રવણ કરવા માટે જ નથી પણ તેનું સ્મરણ અનંતકાળના પરિભ્રમણને ઘટાડવા માટે છે. આમ ભૂતકાળમાં શરણે થઈ સુધર્યા હોય તેવી આદર્શ વ્યક્તિનું જીવન ચરિત્ર શ્રવણ કરીને 'સ્વ'ને સુધારવાનું લક્ષ્ય હોવું જોઈએ માટે આપણે શ્રી કૃષ્ણને વિનંતી કરીએ છીએ કે હે પ્રભુ મને તારે શરણે લે, 'શ્રી કૃષ્ણ શરણ મંમ્'.

ફરીથી સ્વભાવને સુધારવાનું શ્રેષ્ઠ માધ્યમ હોય તો ભૂલનો મનથી એકરાર-પ્રાયશ્ચિત ને પછી કૃષ્ણના શરણનો સ્વીકાર થાય તો સ્વભાવ સુધારવો ન પડે, સ્વભાવ સુધરી જાય.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૫-૫-૧૪ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪
**સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ :** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાંશુ હરીશચંદ્ર દેસાઈ :** ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી) :** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૪) **શ્રી કિરણ કાછીયા:** D-1 606, કમલા પાર્ક, ૬૦ ફીટ રોડ, આઈસીઆસીઆઈ બેન્ક, ભાયદર (વેસ્ટ),
મો. ૯૮૨૧૨૮૯૩૨૬ (ફક્ત રવિવાર)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સીવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૭-૪-૧૪ થી તા. ૧૫-૫-૧૪ સુધી સંસ્થાની ઓફિસમાં સંપુર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા.૧-૬-૨૦૧૪ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનીવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી)**

**શ્રી મનોજભાઈ પ્રવીણચંદ્ર કચેરીઆ (Medical & Engineering Text Book Scheme)**

**શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) અને પરિવાર (Post Graduation Text Book Scheme)**

**શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) (XI Standard to Graduation Text Book Scheme)**

**માતુશ્રી મણીબેન અને પિતાશ્રી વલ્લભદાસ ગાંધી (Professional Text Book Scheme)**

**પુસ્તક યોજના અને અગત્યની જાહેરાત**

સર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓને નમ્ર વિનંતી કે આવનાર વિદ્યાર્થીઓએ ફરજીયાત તેમની (Mark Sheet) ની નકલ કોપી લાવવી પડશે. (Mark Sheet)ના આવી હોય તો તેમને સ્કૂલ અથવા કોલેજમા ભરેલ (Fees Receipt) ની નકલ લાવવી પડશે.

Mark Sheet અથવા Fee Receipt ના લાવનારને કોઈ પણ સંજોગોમા પુસ્તક આપવામાં આવશે નહીં.

**મંત્રીઃ શ્રી ભાવેશ મોદી** **સંયોજકઃ શ્રી જગદીશ પરીખ**

# Shree Balasinor Navyuvak Sangh

## We still require 2 more donors for Rs 25,00,000/- (TWENTY FIVE LAC) whose photo will be framed at hall & Units of Rs 11,00,000/- & more, names will be engraved in metal plate at hall

We on behalf of Shree Balasinor Navyuvak Sangh Managing Committee, an organization that is working for providing educational, Medical,development & entertainment activities for Balasinor community . We feel that this drive should be supported by generous donors, for better facility provision for our members. Our organization is dedicated to the process of realizing this dream true but we need your help.

Your donation will bring us closer to our goal. Many business and community leaders are on board as well as hundreds of individuals. Our community is clearly excited and eager to see this project succeed. You can be a part of that excitement by supporting our youth with a donation. We will be happy to acknowledge your donation.

We would like to thank you for considering this opportunity to partner with our organization for raising funds. If you have any queries regarding our organization, our fund management policy, or the project itself, please feel free to contact our President Shri Kalpesh Suresh Dharia (Balbal) on cell 09820183907 or on mail id indirecttax@khassociates.co.in

Thank you,

Shri Kalpesh Suresh Dharia (President)
Shri Saumil Jitendra Mody (Vice President)
Shri Bhavesh Bipin Mody (Secretary)
Shri Jasmine Bipin Sheth (Jt.Secretary)
Shri Nilesh Navnitlal Shah (Jt.Secretary)
Shri Nikesh Jayendra Gandhi (Treasurer)
Shri Daxesh Babulal Kadakia (Hon.Member)
Shri Yogesh Ramniklal Dharia (Hon.Member)
Shri Rajendra Kirtanlal Desai (Hon.Member)
Shri Vrajesh Navnitlal Desai (Hon.Member)
Shri Rajnikant Kantilal Kadakia (Dhariwala)
Shri Pravinchandra Koderlal Shah (P.K.)
Shri Rasikbhai Sankerlal Mody (Dev)
Shri Rajnikant Kantilal Kadakia (Latkari)
Shri Pravichandra Poonamchand Kadakia
Shri Pravinchandra Occhavlal Desai(Dedki)
Shri Pradeep Pravinchandra Kadakia
Shri Dilipbhai Muljibhai Dharia(Lalkha)
Shri Pankaj Kantilal Dharia(Lalkha)
Shri Kartik Rasiklal Kadakia
Shri Hemendra Ramanlal Shah (Chakva)
Shri Jigar Manikant Kadakia
Shri Alpesh Yogendra Dharia

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૮મી બેઠક તા. ૨૧મી માર્ચ ૨૦૧૪ના રોજ શુક્રવારે સાંજે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆના નેજા હેઠળ મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી સુનીલ મોદીએ ગુજરાતી નાટક મેરેજ ફીક્સીંગ તા. ૩૦ મી માર્ચ ૨૦૧૪ના રોજ ઠાકુલ હોલ (કાંદિવલી ઈસ્ટ) ખાતે ભજવવામાં આવશે એની જાહેરત કરી હતી.

શ્રી મનોજભાઈ / અમરીશભાઈ કનસેશ્નલ રેટ નોટ બુક સ્કીમ અને શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજનાના સંયોજક અનઉપસ્થિત હોવાથી સંઘના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વિતરણની વિવિધ તારીખો રજુ કરી હતી અને થોડી ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રથમ વખત નોટબુકનું વિતરણ ભાયંદર ખાતે રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી નીલેશ શાહએ તેમના હિસાબની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર એડકેશન યોજનાના સંયોજક શ્રી અલ્પેશ ધારીઆએ તેમના હિસાબની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી ચંદ્રેશ કડકીઆએ તેમના હીસાબની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. બીપીએલ ટુરનામેન્ટ અને શ્રી દીલીપભાઈ મુલજીભાઈ ધારીઆ (લાલખા) લાલખા ટ્રોફીના સંયોજક શ્રી ચીરાગ પરીખએ તેમનો અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થ યોજના, શ્રીમતી તારાબેન કીર્તનાલ લલ્લુભાઈ દેસાઈ હોસ્પીટલ સહાય યોજના, શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) ટ્રીટમેન્ટ ફોર કેન્સર ઉજસ અનીષ ગાંધી ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી, શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ) ટ્રીટમેન્ટ ફોર કેટરેકટ ઓપરેશન અને શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસના સંયોજક શ્રી સૌમીલ મોદીએ તેમનો હિસાબ આવતી મીટીંગમાં આપવાનું સુચન કર્યુ હતુ.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોરપોરેશન) શ્રી દક્ષેશભાઈ શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈસીસ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી સંજય શાહએ તેમને હીસાબ આવતી મીટીંગમા આપવાનુ સુચન કર્યુ હતુ.

શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક યોજના, શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ મેડીકલ અને એન્જીનીયરીંગ ટેક્ષબુક સ્કીમ, શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) અને પરિવાર પોસ્ટ ગ્રેડેશન ટેક્ષબુક સ્કીમ, શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ

(બખલી) ધોરણ ૧૧ થી ગ્રેડએશન ટેક્ષબુક સ્કીમ અને માતુશ્રી મનીબેન, પિતાશ્રી વલ્લભદાસ ગાંધી પ્રોફેશનલ કોર્સ ટેક્ષબુક સ્કીમના સંયોજક શ્રી જગદીશ ધારીઆએ તેમનો હીસાબ આવતી મીટીંગમા આપવાનું સુચન કર્યુ હતુ.

પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆએ દાનમા મળેલ ડોનેશનની યાદી જાહેર કરી હતી અને સર્વ દાતાઓ અને તેમના કુટુંબીજનોનો આભાર માન્યો હતો.

કુલ ૮ લીવની અરજી અને ૨ નવી લાઈફ મેમ્બરશીપની અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીનો આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી.**

## જાણકારી હેતુ

## શ્રી સર્વ મંગલા દેવી મંદિર, તલોદ

સર્વેને જણાવવાનું કે આપણા કુળદેવી તલોદ માં બિરાજમાન છે. એમ જાણવામાં આવ્યું છે કે ઘણા લોકો કપડવંજ જાય છે જે સાચું નથી આપણા કુળદેવી તલોદમાંજ બીરાજે છે.

તલોદ બાલાસિનોર થી વાયા બાયડ, ધન્સુરા થી વડગામ થઈને જવાય છે જે લગભગ બે કલાકમાં જઈ શકાય છે. વડોદરા થી અમદાવાદ થઈને પણ જઈ શકાય છે. મંદિરની લગોલગ જ શ્રીનાથજીની હવેલી આવેલી છે. કોઈને વધારે જાણકારી જોઈતી હોય તો સુકેતુ મોદી - ૯૮૧૯૩૩૧૪૪૦ (સી લાઈટ ઈલેકટ્રીક, લોહાર ચાલ - ૨૨૦૮૧૪૪૦)નો સંપર્ક કરવો.

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# M.H.DHARIA BPL T20 2013-14

SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENT MANORAMABEN HASMUKHLAL DHARIA BPL T20 TROPHY CRICKET TOURNAMENT WAS PLAYED IN THE MONTH OF FEBRUARY & MARCH AT CENTRAL RAILWAY STADIUM LOWER PAREL.

THE OPENING CEREMONY WHICH WAS HELD ON 16TH FEB SUNDAY AT CENTRAL RAILWAY STADIUM WAS ATTENDED BY A HUGE CROWD. SECRETARY SHRI BHAVESH MODI WELCOMED THE GUESTS & PRESIDENT SHRI KALPESH DHARIA WELCOMED AND PRESENTED A MOMENTO TO OUR GUEST OF HONOUR SHRI C.K.DESAI & SHRI PRAFUL DHARIA. A TOKEN OF THANKS WAS GIVEN TO ALL THE FOUR OWNERS, TROPHY SPONSOR, AND RELATIVELY ALL OTHER SPONSORS.

TROPHY DONOR SHRI ALPESH DHARIA & SHRI SHREYANS PARIKH UNVIELED THE NEW M.H.DHARIA TROPHY FOR EVERYONE TO SEE.

COMMITTEE MEMBERS WISHED THE OWNERS WITH FLAGS & BALLONS WERE SENT IN THE AIR TO END THE OPENING CEREMONY & START THE TOURNAMENT OPEN.

FOUR TEAMS NAMELY KACHARIA KINGS, R.C.CHALLENGERS, D.C.C.AVENGERS & APEX WONDER BOYS PLAYERS SIX ROUND ROBIN MATCHES EACH.

FROM THEM, OWNER SHRI NITIN KACHARIA'S TEAM KACHARIA KINGS WITH 8 POINTS & SHRI BHAVIN MEHTA'S TEAM R.C.CHALLENGERS WITH 7 POINTS MADE IT TO THE FINALS WHICH WAS PLAYED ON SUNDAY 16TH MARCH AT CENTRAL RAILWAY STADIUM.

R.C.CHALLENGERS LED BY CAPTAIN APURV DHARIA WON THE FINALS BY 7 WKTS WITH SAHIL DESAI BAGGING THE MAN OF THE MATCH AWARD.

**Brief scorer:**

KACHARIA KINGS : 132 IN 20 OVERS(TEJAS SHAH 36, DAXIT GANDHI 31, JIGAR PARIKH 2-36)

R.C.CHALLANGERS : 133 for 3 (SAHIL DESAI 60 not out, ROHAN DHARIA 36, PARESH PARIKH 33).

NOTEABLE PERFORMANCES IN THE TOURNAMENT WERE AS FOLLOWS :

BEST BATSMAN OF THE SERIES : DAXIT GANDHI 234 RUNS.

BEST BOWLER OF THE SERIES : JIGAR PARIKH 16 WKTS.

MAN OF THE SERIES : DAXIT GANDHI 234 RUNS & 6 WKTS.

THUS WE ENDED THE TOURNAMENT WITH GREAT FANFARE.

WE HEREBY WOULD LIKE TO SPECIALLY THANK

1) OUR TROPHY DONOR : SHRI MANORAMABEN HASMUKHLAL DHARIA haste SHRI ALPESH DHARIA,
2) OUR CRICKET KIT SPONSOR : SHRI BHARTIBEN INDRAVADEN SAH haste SHRI TEJAS SHAH,
3) ALL TROPHIES SPONSORS : SHRI BIPIN GANDHI, SHRI YOGESH DHARIA, SHRI NIMISH KADAKIA & QUICK INDUSTRIES SUPPLIES PVT. LTD.
4) CLOTHES,DJ, DUG OUT, BOUNDARY SPONSORS : POLYCAB Thanking SHRI NITIN KACHARIA WHO PLAYED AN IMPORTANT PART IN GETTING THEM.
5) BPL TOP XV SPONSOR : VERSALTE HIGHTECH LIGHTINGS PVT LTD.
6) BEST CATCH & MAX SIXES SPONSOR : SHRI KAMLESH MODY.
7) DRINKS TROLLEY SPONSOR : IMPEX ENGGINEERING & EQUIPMENTS.

ALSO THANKING MY ENTIRE COMMITTEE MEMBERS FOR THEIR HARD WORK THEY HAVE DONE IN MAKING THIS TOURNAMENT SUCCESSFUL.

**BHAVESH MODI**
**SECRETARY**

**CHIRAG PARIKH**
**CONVENOR**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

તા. ૩-૩-૧૪ના સોમવારે HOUSIE નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. Housie રમાડવા માટે અવનીબેન અતુલભાઈ તન્ના તેમજ ફાલ્ગુનીબેન ને બોલાવ્યા હતા. તેમણે ખૂબ જ સરસ રીતે અનેક પ્રકારના Variation આપીને તેમજ Full Housie રમાડી હતી.

આ કાર્યક્રમ માટે દિપીકા પ્રકાશચંદ્ર શાહ તરફથી રૂા. ૧૧,૦૦૦નું ડોનેશન મળ્યું હતું. તે બદલ તેમનો તેમજ તેમના કુટુંબીજનોનો મહિલા વિભાગ આભાર માને છે. બધી બહેનોને ડબ્બાની Gift આપવામાં આવી હતી. તેમજ Housie માં જીતનાર બહેનોને ગેમમાં પાંચ Prize આપવામાં આવ્યા હતા. બધી મળીને છ ગેમ રમાડવામાં આવી હતી.

સંસ્થાએ સંયોજક પદ સોંપ્યું તે બદલ હું સંસ્થાની આભારી છું. વર્ષ દરમ્યાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપવા બદલ નવયુવક સંઘના હોદેદારો, તેમજ સાથ સહકાર આપવા માટે સૌ બહેનોનો, ડોનરોનો તથા મહિલા વિભાગની કમીટીની બહેનોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

**સંયોજક**
**પ્રતિમા કિરીટ ધારીઆ**
**૯૮૨૦૧૫૨૬૪૪**

# બાલાસિનોર વિદ્યામંડળ

## અનુકરણીય દાન

આપણી સંસ્થાના શુભેચ્છક અને અગ્રગણ્ય સામાજિક કાર્યકર મુરબ્બી શ્રી રમણીકભાઈ લલ્લુભાઈ ધારીઆના સુપુત્ર શ્રી ચેતનભાઈ રમણિકલાલ ધારીઆ પરિવાર તરફથી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- અંકે રૂા. એક લાખનું માતબર દાન સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ માટે મળ્યું છે.

આ અગાઉ આ પરિવાર તરફથી લીલાબેન રમણિકલાલ ધારીઆ ગર્લ્સ સ્ટડીરૂમ તથા P.G. કોર્સના ઈતિહાસના વિષય માટે પારિતોષિક લીલાબેન ધારીઆ પુરસ્કૃત અને વિવિધ પ્રવૃતિઓ તથા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે અનેક માતબર દાન પ્રાપ્ત થયા છે.

સંસ્થાના કારોબારી સભ્યો દાતા પરિવારનો જ્યોતિપુંજના માધ્યમ દ્વારા આભાર વ્યક્ત કરતા ઋણ સ્વીકાર કરે છે તથા કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે.

પરમકૃપાળુ ઈશ્વરને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ**

**કારોબારી સમિતિ વતી.**

તા.ક. ફેબ્રુઆરી માસના જ્યોતિપુંજના અંકમાં શરતચૂકથી જાહેર કર્યુ હતું કે બાલાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળની સ્થાપના ૬૦ વર્ષ પૂર્વે થઈ હતી છેલ્લા કેટલાક વર્ષોથી તે સંસ્થાનું કામકાજ ઠપ થઈ ગયું હતું તે બદલ ક્ષમા યાચના કરીએ છીએ.

----

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

હીરાબિલ્ડીંગ રૂમ હાલના સંજોગોમાં ખાલી પડી છે. તો જે ભાઈઓને રૂમ જોઈતી હોય તો બાલાસિનોર પ્રગતી સમાજમાં આવી ફોર્મ ભરવું.

બાલાસિનોરની કોઈપણ વેપારી સંસ્થામાં કામ મેળવી શકે તેના જ્ઞાતી સભ્યને આર્થીક મદદ જરૂર હોય તો JOB OPPORTUNITY SCHEME છે. અન્યો આર્થીક રાહત મળી શકે. વધુ વિગત માટે મંત્રીઓનો સંપર્ક કરવો.

**શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ - ૦૯૮૨૦૦૮૦૧૯૪**

**શ્રી પરેશભાઈ પરીખ - ૦૯૮૨૧૦૨૪૩૯૯**

## વાડાસિનોર દસાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારી સમિતિની ત્રીજી બેઠક શ્રી દક્ષેષ બા. કડકીઆના પ્રમુખપદે તા. ૪-૩-૧૪ મંગળવારના રોજ સુભદ્રાબેન ન. શાહ (કલકત્તાવાળા) મિટિંગ રૂમ, પ્રગતિ સમાજ, મુંબઈ-૨ ખાતે મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટની બીજી કારોબારી સમિતિની મીનીટસનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટના ૨૦૧૪-૨૦૧૫ના બજેટની રજૂઆત કરવામાં આવી હતી. કેન્સર પ્રીવેન્ટીવ સેમીનારની તારીખ તથા વિગત જણાવી હતી. ૧૩ મેમ્બરો હાજર રહ્યા હતા. નાસ્તાને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી

**મંત્રીઓ : શ્રી પરેશ આર. પરીખ,**
**શ્રી કીરીટ આર. ધારીઆ.**

## દિકરી દાંપત્યનો દીવડો

એક પરિણિત સ્ત્રી પતિ અને પિતા નામના બે કિનારા વચ્ચે વહેતી નદી જેવી હોય છે. એ પતિ ને કહી નથી શકતી કે તમે મારી સાથે પિયરમાં આવીને વસો અને પિતા ને કહી નથી શકતી કે તમે મારા સાસરામા આવીને રહો. એથી દીકરી જ્યારે પોતાના પિયરમાં પતિ સાથે થોડા દિવસની મહેમાન બનીને આવે છે ત્યારે એક છતનીચે. પિતા અને પતિના સાંનિધ્યમાં તેને એવી તૃપ્તી મળે છે માનો કોઈ શ્રધ્ધાળુને એકી સાથે રામ અને કૃષ્ણના દર્શન થતા હોય... દિકરી જીવનનો પ્રાણવાયુ છે. સંસારનું ચાલકબળ છે. જીવન રથની એવી ધરી છે. જેના પર દાંપત્યજીવનની સફળતાનો મુખ્ય આધાર છે. સ્ત્રી પુત્રીરૂપે, પત્ની રૂપે, મા કે બહેન રૂપે સંસારમાં છવાયેલી છે. સંસારમાથી સ્ત્રીની બાદબાકી એટલે બાસુંદીમાંથી ખાંડની બાદબાકી. **-સંકલન**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

અમારી જ્યોતિપૂંજમાં આપેલી જાહેર અપીલને પ્રતિસાદ મળેલ છે. નીચે મુજબના દાતાઓએ અંગ્રેજી માધ્યમની સ્કૂલ માટે વર્ગના નામ માટે ડોનેશન આપેલ છે.

૧) શ્રી જયેશ કાંતીલાલ દોશી રૂા. ૩,૫૦,૦૦૦/-
૨) શ્રી રાજેશકુમાર આર ધારીઆ પરિવાર રૂા. ૩,૫૧,૦૦૦/-

**વર્ષ દરમ્યાન નીચે મુજબના ડોનેશન પ્રાપ્ત થયેલ છે.**

૧) દિલીપભાઈ ધારીઆ લાલખા પરિવાર તરફથી રૂા. ૧,૨૫,૦૦૦/-
૨) ઓ.જે. દેસાઈ દેડકી ચે. ટ્રસ્ટ તરફથી રૂા. ૩૮,૦૦૦/-
૩) મણીકાંત છો કડકીઆ (બાલાસિનોર) રૂા. ૨૫,૦૦૦/-

**બાલમંદિર નાસ્તા તિથી યોજના માટે રૂા. ૭,૦૦૦/- અથવા તેથી વધુનું દાન આપી નાસ્તા તિથી યોજના લખાવી શકાય છે.**

૧) ચંદ્રકાંત સી. દેસાઈ રૂા. ૭,૦૦૦/-
૨) નીતિન ન. દેસાઈ રૂા. ૭,૦૦૦/-

તથા સ્કુલમાં બેંચ (બાકડા) મુકવા માટે રૂા. ૮,૦૦૦/- ઉર્વશી મોદી તરફથી પ્રાપ્ત થયેલ છે.

**મંત્રી : શ્રી જતીન દેસાઈ,**
**શ્રી નીતન દેસાઈ (નાગર)**

**સુધારો**

પ્રીયજને હોલ માટે મળેલ દાનમાં પરમ કમલેશ પરીખને જગ્યાએ પરમ કમલેશ કાપડીયા વાચવું

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

### અનુકરણીય દાન/ દાન વચન

**ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન વચન મળેલ છે.**

૧. શ્રી હિતેષ બાબુલાલ પરીખ (હાલ USA)તરફથી તેમનાં સુપુત્ર ચિ. સૌમિલનાં લગ્ન પ્રસંગે રૂા. ૧૧,૦૦૧ (રૂા. અગિયાર હજાર એક)
૨. શ્રી જયેશ રજનીકાંત દોશી તરફથી તેમના સુપુત્ર ચિ. જતીષના લગ્ન પ્રસંગે રૂા. ૧૫,૦૦૦ (રૂા. પંદર હજાર)
૩. શ્રી યોગેશ ઓચ્છવલાલ પરીખ તરફથી તેમનાં સુપુત્ર ચિ. અર્પણના લગ્ન પ્રસંગે રૂા. ૧૧,૦૦૦/- (રૂા. અગિયાર હજાર)
૪. શ્રી વાડાસિનોર દશાનીમા વણિક ભવનનાં ટ્રસ્ટી શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) તરફથી મંડળને રૂા. ૨૫,૦૦૦/- (રૂા. પચીસ હજાર) પ્રાપ્ત થયેલ છે.

મંડળ દાતાશ્રીઓનો અને તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ**
**મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

**જ્યોતિપુંજની અગત્યની જાહેરાત**

સર્વ સંસ્થાના હોદેદારોને વિનંતી કે આપના સંસ્થાકીય લખાણ ટૂંકાણમાં આપો.

**- મંત્રી શ્રી ભાવેશ મોદી**

# કે.એમ.જી.જનરલ હૉસ્પિટલ-બાલાસસિનોર

બાલાસસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં તારીખ ૯-૩-૧૪ના રોજ દાતાઓના સન્માન સમારંભ પ્રસંગે નીચે મુજબનુ વધુ દાન નોંધાયેલ છે. સર્વ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

**ટ્રસ્ટમાં નોંધાયેલ દાનની યાદી**

| નંબર | નામ | રકમ |
|---|---|---|
| ૧ | બિપીન વઝરાની હ. તારો વઝરાની | ૧,૦૦,૦૦૦/- |
| ૨ | શ્રી જયંતિભાઈ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) ઈ.એન.ટી.નિદાન કેમ્પના નિભાવ માટે | ૧,૦૦,૦૦૦/- |
| ૩. | રસિકલાલ પુનમચંદ દોશી હ. તેઓની સુપુત્રી સોનલ રાજેશભાઈ ગાંધી | ૧,૦૦,૦૦૦/- |
| ૪. | શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) | ૧,૦૦,૦૦૦/- |
| ૫. | અનામી દાતા | ૧,૦૦,૦૦૦/- |
| ૬. | શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ | ૧,૦૦,૦૦૦/- |
| ૭. | શ્રી વિનિતભાઈ અને શ્રી ઉર્વીશભાઈ રસિકલાલ મોદી (દેવ) | ૫૦,૦૦૦/- |
| ૮. | સ્વ. શાંતિલાલ સાંકરલાલ ધારીઆ તથા સ્વ. સૂર્યાબેન શાંતિલાલ ધારીઆની સ્મૃતિમાં તેઓના સુપુત્રો દ્વારા | ૨૫,૦૦૦/- |
| ૯. | શ્રીમતી ઈન્દીરાબેન પ્રવિણચંદ્ર પરીખ (કપડવંજવાળા)ની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે | ૧૧,૧૧૧/- |
| ૧૦. | એક ઓપરેશન મિતિ હ. નિતિન એન. દેસાઈ (નાગર) | ૭,૫૦૦/- |
| | **કુલ** | **૬,૯૩,૬૧૧/-** |

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ**

૧) **શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પઃ** તા. ૨૩-૩-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૭૧ દર્દીઓએ લાભ લીધેલ. કુલ ૧૭૪ પેથોલોજી ટેસ્ટ તથા ૧૫ ઈસીજી ફ્રી કરવામાં આવેલ. જરૂરીયાતવાળા તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ મળીને કુલ રૂા. ૪૯,૭૩૯/-ની માફી આપવામાં આવેલ.

આ કેમ્પમાં અમદાવાદની પ્રખ્યાત નારાયણા હૃદયાલય હોસ્પિટલના ડૉ. અસિત મહેતા (કીડનીના રોગોના નિષ્ણાંત ડૉકટર) તથા ડૉ. હૃદય વૈદ્ય (ઓર્થો સર્જન ડૉકટર) તેમજ અશ્વિની મેડીકલ સેન્ટર, આણંદના ડૉ. શિશિર પી. ગાંધી (એમ.ડી.મેડીસીન) તથા તેઓના ડૉકટરોની ટીમે સેવાઓ આપેલ.

(૨) **કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબીટીસ કેમ્પઃ** તા. ૨૩-૩-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૮૦ દર્દીઓએ લાભ લીધેલ. તે પૈકી ૧૬૧ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ તથા જરૂરીયાતવાળા દર્દીઓના પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૧૩-૭-૧૪ના રોજ યોજવામાં આવેલ છે.

**માનદ્ મંત્રી - શ્રી રાજેન્દ્ર દેસાઈ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Virendra Manilal Kadakia (Latkari)**
Mehta Mansion, Flat No. 2, 2nd Floor,
Opp. Kandawadi Police Station,
J.S.S.Road, Girgaum,
Mumbai - 400 004
Res.No. - 23888324
Mobile : 9821253325

2. **Sunil Babulal Parikh**
1001, 10th Floor,
Gandhi Bhuvan CHS. Ltd
Chunam Lane, D.B.Marg
Grant Road (East)
Mumbai - 400007
Tel : 23853752

3. **Dr. Mukesh M. Desai**
Punchshil Garden
R-1401, Dahanukar Wadi
Mahavir Nagar, Kandivali (W)
Mumbai - 400067
Tel : 28629293

4. **સચીન કનુભાઈ ગાંધી**
**હસુમતીબેન કનુભાઈ ગાંધી**
વ્યાસ પર્ણકુટીર, ટી.પી.એસ.-૩,
૮મો રસ્તો, મ્યુનીસીપલ બાગ નજીક,
વિનસ સ્ટુડીયોની બાજુમાં
સાંતાક્રુઝ (ઈસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૫૫
ટેલીફોન - (ઘર) ૦૨૨-૨૬૧૫૩૬૦૫
મોબાઈલ - સચીનભાઈ - ૯૮૨૦૪૩૦૩૨૧
હસુમતીબેન - ૯૮૨૦૪૩૦૩૪૨

## જ્ઞાતિ ગૌરવ

ધર્મીની ચેતન નટવરલાલ મહેતા ((પડાલવાળા) ૨૦૧૩માં મોનાશ યુનિવર્સીટીમાં (મેલબોર્ન ઓસ્ટ્રેલિયા) PHD in Medicine ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

## હાર્દિક અભિનંદન

બંકિમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા) કાંદિવલી (પશ્ચિમ)ની બાલભારતી (સ્કૂલ એન્ડ કોલેજ)ની મેનેજીંગ કમિટિમાં ચૂંટાઈ આવ્યા છે, તે બદલ સંસ્થા તરફથી હાર્દિક શુભકામના.

✤✤✤✤✤

વિશ્વ ગુજરાતી સમાજ (અમદાવાદ)ની કારોબારી સમિતિમાં શ્રી પ્રમોદ મુળજીભાઈ ધારીઆ (લાલખા)ની નિમણુંક કરવામાં આવી છે.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મંજુલાબેન જીતેન્દ્ર ત્રિવેદી | ૮૨ |
| ધારિયા બાબુલાલ મોહનલાલ (ધારીયા બાપજી) | |
| દેસાઈ મંજુલાબેન મોહનલાલ | ૮૬ |
| પરીખ કુસુમબેન રસીકલાલ લાકડાવાલા | ૮૨ |
| દેસાઈ સુશીલાબેન વલ્લભદાસ | ૭૭ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**



**મંજુલાબેન મોહનલાલ દેસાઈ**
**અવસાન : તા. ૭-૩-૧૪**
**ઉંમર - ૮૬**
**ચક્ષુદાન - દેહદાન કરેલ છે.**